જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૬/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૮૯૬/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૪૮૦ | ૦ | ૮૪૮૦ | ૧૪૫૮૮ | ૦ | ૧૪૫૮૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૨૦ | ૩ | ૪૨૨૩ | ૫૭૩૩ | ૩ | ૫૭૩૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૬ | ૦ | ૨૬ | ૧૯૪ | ૦ | ૧૯૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૩૪૧ | ૩૪ | ૭૩૧૫ | ૮૩૧૧ | ૪૬ | ૮૩૫૭ |
| કુલ | | ૨૦૦૬૭ | ૩૭ | ૨૦૧૦૪ | ૨૮૮૨૬ | ૪૯ | ૨૮૮૭૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૦૬ | ૪૨,૬૦૦/- |

# જાહેરનામાનો ભંગ કરતા આરોપીની અટાકયતની વિગત

## વેજલપુર પોલીસ સ્ટેશન :-

## COVID-19 વાયરસ અનુસંધાને મે,પોલીસ કમિશ્નર શ્રીની કચેરીના જાહેરનામાનો ભંગ કરતા કુલ-૧૧ કેસ કરતી વેજલપુર પોલીસ

મે પોલીસ કમીશનર સાહેબ શ્રી તથા સંયુકત પોલીસ કમીશનર સેકટર-૧ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમીશનર સાહેબ શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશનર સાહેબ શ્રી "એમ" ડિવીઝન સાહેબ નાઓએ સુચના આધારે વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશન દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરેલ જે આધારે ભારતમાં પણ COVID-19 ઘણા કેસો નોધાયેલ છે તેમજ હાલમાં ગુજરાત રાજય તેમજ અમદાવાદ શહેરમાં પણ નોવેલ કોરોના વાઈરસના કેટલાક કેસો નોધાયેલ હોઈ અને સરકાર શ્રી તરફથી સમગ્ર રાજયમાં જાહેર કરવામાં આવેલ કન્ટેનમેન્ટ ઝોનમાં તા-૦૧/૦૬/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ થી તા-૩૦/૦૬/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦ સુધી લોકડાઉન અવધી લંબાવવામાં આવેલ જે આધારે મે પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તરફથી બાહર પાડેલ જાહેરનામા ભંગના કેસો કરવા સારું અમો તથા પોસઈઓ તથા બીજા સ્ટાફના માણસો સાથે ભેગા મળી વેજલપુર પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ધી ઈપીકો કલમ-૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલામ-૫૧(બી) તથા એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ની કલમ 3 મુજબના કુલ-૧૧ કેસો કરેલ છે

# પ્રોહીના ગુનાના આરોપીઓની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન :-

## તા.૦૨/૦૬/૨૦૨૦ નારોજ મ્હે. ડી.જી.પી. સાહેબશ્રીનાઓની સ્પે. પ્રોહી ડ્રાઇવ અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશીદારુની નાની બોટલ તથા બીયર ટીન કુલ નંગ-૩૧૨ સાથે ત્રણ પુરૂષ તથા એક મહીલાને પકડતી – નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓની સુચના આધારે હાલમાં મ્હે. ડી.જી.પી. સાહેબશ્રીનાઓની સ્પે. પ્રોહી ડ્રાઇવ અનુસંધાને પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી નાઓની સુચના મુજબ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી હકીકત આધારે એક મહીલા નામે (૧) સુમીતાબેન વા/ઓ વિજયભાઇ બાટુંગે ઉ.વ-૪૨ ધંધો-ઘરકામ રહે-બંગ્લા એરીયા,કમલ ફ્લેટની સામે, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ તથા ત્રણ પુરૂષોને દહેગામ રીંગરોડ સર્કલ થી દહેગામ તરફ જવાના રોડ ઉપર આવેલ બીલાસીયા કટ પાસે રોડ ઉપરથી ભારતીય બનાવટની વિદેશીદારુની ક્વાટર નંગ ૧૯૨ ની કિંમત રૂ. ૩૮,૪૦૦ /- તથા બીયર ટીન નંગ ૧૨૦ કિંમત રૂ. ૧૮,૦૦૦ /- તથા શેવરોલેટ ઓપટ્રા ગાડી કિ રૂ ૩,૦૦,૦૦૦ /- ગણી કુલ્લે રૂ. ૬૩૪૦૦/- મુદ્દામાલ સાથે તા.૦૨/૦૬/૨૦૨૦ ના કલાક ૧૯/૦૦ વાગે પકડી તેના વિરુધ્ધ ધી પ્રોહી એકટ કલમ ૬૫ એ(ઇ) ,૬૬(૧)બી,૧૧૬(બી),૮૧, ૯૮(૨) મુજબના ગુન્હાના કામે નજર કેદ રાખી સારી કામગીરી કરેલ છે.

આરોપીનુ નામ – (૧) સુમીતાબેન વા/ઓ વિજયભાઇ બાટુંગે ઉ.વ-૪૨ ધંધો-ઘરકામ રહે-બંગ્લા એરીયા,કમલ ફ્લેટની સામે, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ ૨ ( કોરોના ટેસ્ટ કરાવી હાલમા નજર કેદ રાખવામાં આવેલ છે ) (૨) શનિભાઇ લાલજીભાઇ સોલંકી ઉ.વ-૨૧ ધંધો-મજુરી રહે રાજીવનગરના કાચા છાપરા રેલ્વે સ્ટેશનની પાસે,નોબલનગર સરદારનગર,અમદાવાદ ( કોરોના ટેસ્ટ કરાવી હાલમા નજર કેદ રાખવામાં આવેલ છે ) (૩) રાજેશ ઉદાજી ઠાકોર ઉ.વ-૨૧ ધંધો-મજુરી રહે મફતનગરના છાપરા,બેઠક પાસે,નરોડા,અમદાવાદ ( કોરોના ટેસ્ટ કરાવી હાલમા નજર કેદ રાખવામાં આવેલ છે ) (૪) સોવિન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ રાજપુત ઉ.વ-૨૨ ધંધો-મજુરી રહે રામદેવ નગર ટેકરા,ખોડીયાર જ્યોત સોસાયટી પાસે,નિકોલ,અમદાવાદ( કોરોના ટેસ્ટ કરાવી હાલમા નજર કેદ રાખવામાં આવેલ છે )

**<u>મુદ્દામાલ</u> –** ભારતીય બનાવટની વિદેશીદારુની નાની બોટલ તથા બીયર ટીન કુલ નંગ-૩૧૨ તથા કાર તથા મોબાઇલ સાથે <u>કુલ્લે મુદામાલ રૂ. ૩,૬૨,૯૦૦/-</u>

## <u>કામગીરી કરનાર કર્મચારી</u>

પો.સ.ઇ. ડી.કે.મોરી તથા પો.કોન્સ પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કોન્સ પંકેશકુમાર ધનાભાઇ બ.નં-૪૦૫૬ તથા એલ.આર ધુમકેતુ આત્મારામભાઇ બ.નં-૧૨૩૨ તથા એલ.આર. મયુરધ્વજસિંહ અનીરૂધ્ધસિંહ બ.નં. ૧૪૬૭ તથા એલ.આર મયુરસિંહ કરણસિંહ બ.નં-૧૨૫૧૦ તથા વુ.એલ.આર વિભાબેન બાબુભાઇ બ.નં-૮૬૯





**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૯૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૩૧૪ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૯૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૮૯૯/૨૦૨૦**

**વેજલપુરઃ** જાનકીબહેન ડો/ઓ ભાવિનભાઇ પટેલ (ઉ.વ.૨૦) (રહે. નવા બળીયાદેવ મંદીર ઠાકોરવાસ ઈન્દીરાનગર મકરબા ગામ) એ તા.૦૨/૦૬/૨૦૨૦ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીતાદ નોધાવી છે કે તા.૧૯/૦૧/૨૦૨૦ સાજના ૬/૦૦ થી ૨૮/૦૧/૨૦૨૦ કલાક ૨૪/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન જાનકીબહેન પટેલ શ્રીનંદનગર વિભાગ-૩ સામે આવેલ એસ.બી.આઇ.ના એ.ટી.એમ.મા પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે એક પુરૂષે મદદ કરવાનુ કહી જાનકીબહેનના એ.ટી.એમ.કાર્ડ નંબર તેમજ પીન નંબર જાણી લઈ ચેનકેન કોઈ માધ્યમથી જાનકીબહેનના ખાતામાંથી કુલ રૂપિયા ૯૧,૫૦૦/- ઉપાડી લઈ અન્ય વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એ.યાદવ ચલાવે છે.

**વાડજઃ** જાગૃતિબહેન વા/ઓ ગોપાલભાઇ જોષી (ઉ.વ.૩૭) (રહે. બ્લોક નંબર પી મકાન નંબર ૩૦૪ સ્વામિનારાયણ પાર્ક-૧ મંગલદીપ સ્કુલ સામે નવાવાડજ) એ તા.૦૨/૦૬/૨૦૨૦ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે જાગૃતિબહેન જોષી સોસાયટીના નવા સેક્રેટરી હોઈ સોસાયટીમાં જ રહેતા આરોપી સતીષભાઇ કનુભાઇ ડાભી એ જાગૃતિબહેનને કહેલ કે “તમે નવા સેક્રેટરી બન્યા છો તો તમારી બેંકમા સહી ટ્રાન્સફર કરવી પડશે જેથી તમારે એક સહીવાળો ચેક અને બીજા ત્રણ કોરા ચેક આપવા પડશે” તેમ કહેતા જાગૃતિબહેને વિશ્વાસ અને ભરોશો રાખી ચેક આપેલ હતા. તા.૧૧/૦૩/૨૦૨૦ દરમ્યાન સતિષભાઈ ડાભીએ ચેકમાં રૂપિયા ૧,૭૦,૦૦૦/- રકમ ભરી પોતાના ખાતામાં જમા કરાવી સોસાયટીની કમીટીના સભ્યો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**નારોલ**ઃ આરતીબહેન ડો/ઓ મંગલસિંહ પરમાર (ઉ.વ.૨૦) (રહે. સિધ્ધિ ફલોરા, કર્ણાવતી ચોક, નારોલ) એ તા.૦૨/૦૬/૨૦૨૦ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૦ નારોજ આરોપી વિમલ ભક્તિપ્રસાદ બાલાશંકર ઠાકર (રહે.શ્રીનાથ ફ્લેટ, રાજેશ્વરી કોલોની, ઇસનપુર) એ નારોલ કર્ણાવતી ચોક ચાર રસ્તા ખાતે કાપડ/શાકભાજીનો વેપાર ધંધો કરવા સારૂ હેલ્થ કાર્ડ કાઢી આપવાના બહાને આરતીબહેનને વિશ્વાસમાં લઇ રૂપિયા ૨૫૦/- મેળવી લીધા હતા. તેમજ અન્ય સાહેદો પાસેથી પણ નાણાં મેળવી લઇ હેલ્થકાર્ડ નહી કાઢી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.અમલીયાર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૦૦/૨૦૨૦**

**શહેરકોટડાઃ** વિજયકુમાર રમેશભાઇ નાડીયા (ઉ.વ.૨૮) (રહે. ન્યુ ભવાનીનગર જય રણછોડપાર્ક સામે રબારી વસાહત ઓઢવ) પેઢીઓના નાણાની ઉઘરાણી કરતા હોઈ તા.૦૨/૦૬/૨૦૨૦ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે મેમ્કો સર્જીકલ હોસ્પિટલ સામે ઉઘરાણીના રોકડ રૂપિયા ૨,૯૮,૫૦૦/- સાથેની થેલી એક્ટીવાની ડેકીમાં મુકી એક્ટીવા પાર્ક કરી પ્રકાશ પ્લાસ્ટીકની દુકાને ગયા હતા દરમ્યાન અજાણી વ્યક્તિએ એક્ટીવાની ડેકી ખોલી ડેકીમાંથી રોકડ રૂપિયા ૨,૯૮,૫૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ વિજતકુમાર નાડીયાએ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એલ.જેબલીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૦૧/૨૦૨૦**

**કૃષ્ણનગર**ઃ રીતીકાબહેન ડો/ઓ રાજકુમાર સાહની (ઉ.વ.૧૯) (રહે. રાધિકા ટેનામેન્ટ ઉદય ટેનામેન્ટ પાછળ આદિશ્વર નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૬/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બચુજી ચલાવે છે.

**મેઘાણીનગર**ઃ કોમલસિહ મહાવીરસિહ બઘેલ (ઉ.વ.૩૫) (રહે. ભાર્ગવ રોડ, દુર્ગા સ્કુલ પાસે, મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૬/૨૦૨૦ રાતના ૯/૦૦ થી તા.૦૨/૦૬/૨૦૨૦ સવારના ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉત્તમભાઇ બચુભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી